સત્યમેવ જયતે

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :- | ૨૬ – ૦૭ – ૨૦૨૪ |
| નોંધણી તારીખ | :- | ૨૬ – ૦૭ – ૨૦૨૪ |
| ફેંસલ તારીખ | :- | ૨૭ – ૦૭ – ૨૦૨૬ |
| સમયગાળો | :- | <u>વર્ષ – માસ – દિવસ</u> |
| | | ૦૨ – ૦૦ – ૦૧ |

---

## મે.કલોલનાં પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી)
## લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.

---

**રીકવરી ૩૩(સી)(૨) અરજી નં.૩૨/૨૦૨૪**
**(ઇન રેફરન્સ (ટી) કેસ નં.૨૦૮/૨૦૧૩)**
**આંક ::-**

સોલંકી નરેન્દ્રભાઇ પરષોત્તમભાઇ
C/o. નવજ્યોત ઓલ ગુજરાત લેબર યુનિયન,
ઠે. સિવિલ કોર્ટ સામે, મુ.તા.કડી, જિ.મહેસાણા. ..... **<u>અરજદાર</u>**

**<u>વિરૂધ્ધ</u>**

મેનેજરશ્રી, જયવીન રેમેડીઝ પ્રા.લી.
ઠે. ૧૨૨/૧, રવિ ઇન્ડ. એસ્ટેટ, બિલેશ્વરપુરા,
છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર. ..... **<u>સામાવાળા</u>**

**<u>બાબત</u> ::- <u>ઔધોગીક વિવાદ ધારા,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) મુજબ રીકવરી અરજ બાબત...</u>**

---

**અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એ.આર.શાહજાદા.**
**સામાવાળા સંસ્થા તર્ફે હાજર નથી.**

---

**-:: ઠ રા વ ::-**

**(1)** અરજદારે હાલની રીકવરી અરજી ઔધોગીક વિવાદ ધારા,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ કરેલ છે. સદર અરજની ટુંકમાં હકીકત એ છે કે, અમો અરજદાર આ સામાવાળા કંપનીમાં ૦૧ વર્ષથી પેકીંગ ખાતામાં હેલ્પર તરીકે નોકરી કરતા હતા. સામાવાળા સંસ્થા તરફથી દૈનિક રૂા.૧૨૦/- લેખે માસીક પગાર ચુકવવામાં આવતો હતો. સામાવાળાએ અમો અરજદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટાં કરતા અમોએ ઔધોગીક તકરાર ઉપસ્થિત કરેલ. જે તકરાર મદદનીશ શ્રમ આયુક્ત સાહેબે ન્યાય નિર્ણય માટે કલોલ લેબર કોર્ટને સુપ્રત કરેલ અને કલોલ લેબર કોર્ટમાં સદર વિવાદ રેફરન્સ (એલ.સી.કે.) નં.૨૦૮/૨૦૧૩ તરીકે ચાલી જતા નામદાર લેબર કોર્ટ કલોલે આંક-૧૭ થી તા.૦૭/૧૧/૨૦૧૫ નાં રોજ અમારી તરફેણમાં હુકમ પસાર કરેલ. જે હુકમ એનેક્ષર-એ થી સામેલ છે. એનેક્ષર-એ નો હુકમ ધી આઇ.ડી.એક્ટ, ૧૯૪૭ ની કલમ-૧૭ મુજબ સરકારશ્રીએ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે અને પ્રસિધ્ધીનાં દિન-૩૦ બાદ કલમ-૧૭(એ) મુજબ આ એવોર્ડ અમલમાં આવી ગયેલ છે. આમ છતાં આ સામાવાળાએ આજ તારીખ સુધી હુકમનો અમલ કરેલ નથી. જેથી અમો અરજદારને આ સામાવાળાએ નોકરીમાંથી છુટ્ટાં કર્યા તા.૧૦/૧૨/૨૦૧૨ થી સદર એવોર્ડ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાનાં દિન-૩૦ પુરા થયા તા.૨૮/૦૧/૨૦૧૬ સુધીનો અમો અરજદારે છેલ્લો મેળવેલ દૈનિક પગાર રૂા.૧૪૦/- ને ધ્યાનમાં લઈ એવોર્ડ મુજબ ૨૦% પડેલા દિવસોનો પગાર રૂા.૨૭,૪૪૦/- અને હુકમ મુજબ ખર્ચનાં રૂા.૫૦૦/- મળી કુલ રૂા.૨૭,૯૪૦/- અમો અરજદાર મેળવવા હક્કદાર છીએ અને આ સામાવાળા ચુકવવા જવાબદાર છે. એનેક્ષર-એ વાળો હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦ તા.૨૮/૦૧/૨૦૧૬ નાં રોજ પુરા થાય છે. જેથી અમો અરજદાર તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર કાયદેસર રીતે મેળવવા હક્કદાર છીએ. જે રકમ રૂા.૩,૭૧,૨૮૦/- સામાવાળા ચુકવવા જવાબદાર છે. જેથી રૂા.૨૭,૯૪૦ તથા રૂા.૩,૭૧,૨૮૦/- મળીને કુલ રકમ રૂા.૩,૯૯,૨૨૦/-

ની ઉઘરાણી અમોએ સામાવાળા પાસે કરેલ છે. પરંતુ સામાવાળાએ ચુકવવાનો ઇન્કાર કરેલ છે. જેથી અમારી બાકી લેણી રકમ રૂા.૩,૯૯,૨૨૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ નવ્વાણું હજાર બસૌ વીસ પુરા) એકી સાથે રોકડમાં ચુકવી આપે તથા સદર રકમ ઉપર વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સહીત તેમજ અરજીનાં ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/- સામાવાળા પાસેથી અપાવવાની દાદ માંગેલ છે.

**(2)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળાને કાઢવામાં આવેલ નોટીસ તેઓને ધોરણસર બજી ગયેલ છે. પરંતુ સામાવાળા હાલનાં કામે હાજર ન રહેતાં અરજદાર તર્ફે આંક-૦૫ થી સામાવાળાનો જવાબનો હક્ક બંધ કરવાની અરજી રજુ કરેલ હોઇ, હાલનાં કામે આંક-૦૫ નીચે હુકમ કરી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(3)** ત્યારબાદ  હાલનાં કામે અરજદાર તર્ફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> ::-**

૧. આંક-૦૬ થી અરજદાર સોલંકી નરેન્દ્રભાઇ પરષોત્તમભાઇનાંઓનું પુરાવાનું સોગંદનામું.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> ::-**

૧. એનેક્ષર - એ થી રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમની નકલ.

(ત્યારબાદ હાલનાં કામે સામાવાળાને યોગ્ય સમય અને પુરતી તક આપવા છતાં તેઓ તર્ફે અરજદારની ઉલટતપાસ કરેલ ન હોય, અરજદાર તર્ફે આંક-૦૭ થી સામાવાળાનો ઉલટતપાસ લેવાનો હક્ક બંધ કરવાની અરજી આપતાં અરજી લગત હુકમ કરી, સામાવાળાનો હાલનાં કામે ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક-૦૮ થી ક્લોઝીંગ પુરસીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ અરજદારનો હાલનાં કામે પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ હાલનાં કામે સામાવાળાને યોગ્ય સમય અને પુરતી તક આપવા છતાં તેઓ તર્ફે પુરાવા રજુ કરેલ ન હોય, અરજદાર તર્ફે આંક-૦૯ થી રજુ અરજી લગત હુકમ કરી, સામાવાળાનો હાલનાં કામે પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

**(4)** ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. સદર દલીલોમાં તેઓએ અરજદારની અરજીની હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોય, માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર હોય, સદર અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ હાલનાં કામે સામાવાળાને યોગ્ય સમય અને પુરતી તક આપવા છતાં તેઓ તર્ફે દલીલો કરેલ ન હોય, આંક-૦૧ લગત હુકમ કરી, સામાવાળાનો હાલનાં કામે દલીલો કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(5)** ઉપરોક્ત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે હાલનાં કામે ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## -:: <u>મુદ્દાઓ</u> ::-

**(૧)** શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે તેઓ આઇ.ડી.એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ સામાવાળા સંસ્થા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ મેળવવા હક્કદાર થાય છે ?

**(૨)** શું હુકમ ?

**(6)** ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**(૧)** અંશત: હકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

## -:: <u>કા ર ણો</u> ::-

**(7)** **<u>મુદ્દા નં.૦૧</u> ::-** હાલનાં કામે રજુ રેકર્ડ તથા પુરાવા વંચાણે લેતા અરજદારે તેઓની હાલની અરજી તથા આંક-૦૬ થી રજુ પુરાવાનાં સોગંદનામામાં જણાવ્યા મુજબ “અમો અરજદાર આ સામાવાળા કંપનીમાં ૦૧ વર્ષથી પેકીંગ ખાતામાં હેલ્પર તરીકે નોકરી કરતા હતા. સામાવાળા સંસ્થા તરફથી દૈનિક

રૂા.૧૨૦/- લેખે માસીક પગાર ચુકવવામાં આવતો હતો. સામાવાળાએ અમો અરજદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટ્ટાં કરતા અમોએ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરેલ. જે તકરાર મદદનીશ શ્રમ આયુક્ત સાહેબે ન્યાય નિર્ણય માટે કલોલ લેબર કોર્ટને સુપ્રત કરેલ અને કલોલ લેબર કોર્ટમાં સદર વિવાદ રેફરન્સ (એલ.સી.કે.) નં.૨૦૮/૨૦૧૩ તરીકે ચાલી જતા નામદાર લેબર કોર્ટ કલોલે આંક-૧૭ થી તા.૦૭/૧૧/૨૦૧૫ નાં રોજ અમારી તરફેણમાં હુકમ પસાર કરેલ. જે હુકમ એનેક્ષર-એ થી સામેલ છે. એનેક્ષર-એ નો હુકમ ધી આઇ.ડી.એક્ટ, ૧૯૪૭ ની કલમ-૧૭ મુજબ સરકારશ્રીએ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે અને પ્રસિધ્ધીનાં દિન-૩૦ બાદ કલમ-૧૭(એ) મુજબ આ એવોર્ડ અમલમાં આવી ગયેલ છે. આમ છતાં આ સામાવાળાએ આજ તારીખ સુધી હુકમનો અમલ કરેલ નથી. જેથી અમો અરજદારને આ સામાવાળાએ નોકરીમાંથી છુટ્ટાં કર્યા તા.૧૦/૧૨/૨૦૧૨ થી સદર એવોર્ડ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાનાં દિન-૩૦ પુરા થયા તા.૨૮/૦૧/૨૦૧૬ સુધીનો અમો અરજદારે છેલ્લો મેળવેલ દૈનિક પગાર રૂા.૧૪૦/- ને ધ્યાનમાં લઈ એવોર્ડ મુજબ ૨૦% પડેલા દિવસોનો પગાર રૂા.૨૭,૪૪૦/- અને હુકમ મુજબ ખર્ચનાં રૂા.૫૦૦/- મળી કુલ રૂા.૨૭,૯૪૦/- અમો અરજદાર મેળવવા હક્કદાર છીએ અને આ સામાવાળા ચુકવવા જવાબદાર છે. એનેક્ષર-એ વાળો હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦ તા.૨૮/૦૧/૨૦૧૬ નાં રોજ પુરા થાય છે. જેથી અમો અરજદાર તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર કાયદેસર રીતે મેળવવા હક્કદાર છીએ. જે રકમ રૂા.૩,૭૧,૨૮૦/- સામાવાળા ચુકવવા જવાબદાર છે. જેથી રૂા.૨૭,૯૪૦ તથા રૂા.૩,૭૧,૨૮૦/- મળીને કુલ રકમ રૂા.૩,૯૯,૨૨૦/- ની ઉઘરાણી અમોએ સામાવાળા પાસે કરેલ છે. પરંતુ સામાવાળાએ ચુકવવાનો ઇન્કાર કરેલ છે. જેથી અમારી બાકી લેણી રકમ રૂા.૩,૯૯,૨૨૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ નવ્વાણું હજાર બસૌ વીસ પુરા) એકી સાથે રોકડમાં ચુકવી આપે તથા સદર રકમ ઉપર વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સહીત તેમજ અરજીનાં ખર્ચ પેટે રૂા.૫૦૦૦/- સામાવાળા પાસેથી અપાવવાની દાદ માંગેલ છે.” સદર હકીકતોનું ખંડન કરવા સારું સામાવાળા સંસ્થા હાજર થયેલ નથી કે તેઓ તર્ફે કોઇપણ પ્રકારનો જવાબ કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં અરજદારની અરજીની સદર હકીકતોને નહીં માનવાને કોઇ કારણ નથી.

વધુમાં અરજદાર તર્ફે તેમની અરજીની હકીકતો પુરવાર કરવા સારું હાલનાં કામે આંક-૦૬ થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે અને સદર પુરાવાનાં સોગંદનામામાં પણ ઉપરોક્ત હકીકતોનું

પુન:રાવર્તન કરી ચુસ્તપણે વળગી રહેલ છે. સદર હકીકતોનું ખંડન કરવા સારું સામાવાળા સંસ્થા તર્ફે હાજર રહી અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં અરજદારની અરજીની સદર હકીકતોને નહીં માનવાને કોઇ કારણ નથી. વધુમાં અરજદાર તર્ફે હાલનાં કામે એનેક્ષર-એ થી રજુ કરેલ રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમની નકલ છે. જે વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થયેલ છે કે, અરજદારને તા.૧૦/૧૨/૨૦૧૨ નાં રોજ સામાવાળા સંસ્થા દ્વારા છુટ્ટા કરવામાં આવતા તેઓએ સામાવાળા સંસ્થા વિરુદ્ધ વિવાદ ઉભો કરેલ હતો અને પડેલા દિવસોનાં પુરેપુરા પગાર અને સળંગ નોકરી ગણી મુળ જગ્યા ઉપર પુન:સ્થાપીત કરવા માંગણી કરેલ હતી. સદર રેફરન્સ કેસ ગુણદોષ ઉપર ચાલી જતાં અરજદારની તરફેણમાં ચુકાદો આવેલ હતો. સદર એવોર્ડમાં રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવી અને અરજદાર કામદારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોનાં ૨૦% પગાર સાથે એવોર્ડ પ્રસિદ્ધિ થયેથી દિન-૩૦ માં નોકરીમાં પુન:સ્થાપીત કરવા તથા રેફન્સ કેસનાં ખર્ચ પેટે રૂા.૫૦૦/- ચૂકવી આપવા હુકમ કરવામાં આવેલ છે. સદર હકીકત હાલનાં કામે અરજદાર તર્ફે ઉપરોક્ત પુરાવાથી પુરવાર કરવામાં આવેલ છે.

**(8)** વધુમાં અરજદારની ઉપરોક્ત હકીકતોનું ખંડન કરવા સામાવાળા સંસ્થા તર્ફે જવાબ કે કોઇપણ પ્રકારનાં પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સામાવાળા સંસ્થા તર્ફે સદર એનેક્ષર-એ થી રજુ રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે પસાર કરવામાં આવેલ એવોર્ડ મુજબ અરજદારને તેઓનાં પડેલા દિવસોનાં ૨૦% પગાર સાથે સળંગ નોકરી ગણી નોકરીમાં પુન:સ્થાપીત કરવામાં આવેલ હોવા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. તેમજ સદર એવોર્ડને એપેલેટ કોર્ટમાં પડકારવામાં આવેલ નથી કે સદર હુકમ વિરુદ્ધ કોઇ મનાઇ હુકમ પણ મેળવવામાં આવેલ હોવાનો લેશમાત્ર પુરાવો હાલનાં કામે રજુ રાખવામાં આવેલ નથી. આ સંજોગોમાં રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે પસાર કરવામાં આવેલ એવોર્ડ અમલમાં હોય, અરજદાર તે મુજબની દાદ મેળવવા હાલનાં કામે હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(9)** વધુમાં, અરજદાર તર્ફે હાલની અરજી ઔધોગીક વિવાદ ધારા,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ કરેલ હોય ત્યારે સદર કલમ હાલનાં તબક્કે વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે :-

➢ **<u>કલમ-૩૩(સી)(૨)</u> :-** *“કોઇ કામદાર, માલીક પાસેથી કંઇ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવો કોઇ લાભ મેળવવા હક્કદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તે મજુર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને આધીન રહીને કરી શકશે.”*

આમ, ઉપરોક્ત જોગવાઇઓ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, કામદાર માલીક પાસેથી કોઇ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવો લાભ મેળવવા હક્કદાર હોય તેવા કિસ્સામાં ઔધોગીક વિવાદ ધારાની ઉપરોક્ત જોગવાઇઓ લાગુ પાડી શકાય છે. વધુમાં હાલનાં કામે રજુ અરજદારની અરજ તેમજ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં અરજદાર તર્ફે હાલનાં કામે રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે પસાર કરવામાં આવેલ એવોર્ડ મુજબની બાકી પડેલા દિવસોનાં પગારની રકમ મેળવવા હાલની અરજ કરેલ છે અને અરજદારનો સદર હક્ક એ પૂર્વનિર્ધારીત (પ્રિએક્ઝીસ્ટિંગ રાઇટ) પ્રસ્થાપિત થયેલ હોવાનું ગણાય. વધુમાં અરજદારની ઉપરોક્ત હકીકતોનું ખંડન કરવા સામાવાળા સંસ્થા તર્ફે જવાબ કે કોઇપણ પ્રકારનાં પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમજ સદર એવોર્ડને કોઇપણ અધિકૃત એપેલેટ કોર્ટમાં પડકારવામાં આવેલ નથી. આ સંજોગોમાં અરજદાર સદર એવોર્ડ મુજબની પડેલા દિવસોની પગારની ૨૦% રકમ તેમજ રેફરન્સ કેસનાં ખર્ચ પેટે રૂા.૫૦૦/- મેળવવા હક્કદાર હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર કરવામાં અરજદાર સફળ થયેલ છે.

વધુમાં હાલનાં કામે અરજદાર તરફે એનેક્ષર-એ વાળો હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦ તા.૨૮/૦૧/૨૦૧૬ નાં રોજ પુરા થાય છે. જેથી અરજદાર તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર કાયદેસર રીતે મેળવવા હક્કદાર છે. જે રકમ રૂા.૩,૭૧,૨૮૦/- સામાવાળા ચુકવવા જવાબદાર છે. જેથી રૂા.૨૭,૯૪૦ તથા રૂા.૩,૭૧,૨૮૦/- મળીને કુલ રકમ રૂા.૩,૯૯,૨૨૦/- અરજદાર સામાવાળા પાસે લેવા હક્કદાર જણાવેલ છે. હાલનાં તબક્કે રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમ વંચાણે લેવો જરૂરી છે. જે મુજબ “અરજદાર કામદારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોનાં ૨૦% પગાર સાથે એવોર્ડ પ્રસિદ્ધિ થયેથી દિન-૩૦ માં નોકરીમાં પુન:સ્થાપીત કરવા તથા રેફન્સ કેસનાં ખર્ચ પેટે રૂા.૫૦૦/- ચૂકવી આપવા હુકમ કરવામાં

આવેલ છે.” વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થા તરફે ઉપરોક્ત હુકમ મુજબ સદર હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦ અરજદારને નોકરીમાં પુન:સ્થાપીત કરવામાં આવેલ હોવા અંગનો કોઈ પણ આધાર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં સદર હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦ તા.૨૮/૦૧/૨૦૧૬ નાં રોજ પુરા થાય છે. તેથી ૨૮/૦૧/૨૦૧૬ ના રોજ ૩૦ દિવસની અમલીકરણ મુદત પૂરી થઈ ગઈ, ત્યાર પછી કોર્ટ દ્વારા નોકરીનો કરાર કાયદેસર રીતે પુનઃસ્થાપીત થઈ ગયો હતો. માલીકે અરજદાર કામદારને માલીકે નોકરીમાં પુનઃસ્થાપીત કર્યા ન હોવાથી, સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, માલીક દ્વારા અરજદાર કામદારને ફરજ ઉપર જોડાતા રોકવામાં આવેલ છે. તે સંજોગોમાં માલીક પોતાની જ આ ભૂલ કે બેદરકારીનો કોઈ કાયદાકીય લાભ મેળવી શકે નહીં. જેથી અરજદાર તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર કાયદેસર રીતે મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(10)** આમ, ઉપરોક્ત કલમની જોગવાઇ તથા અરજદારની અરજ હકીકત તેમજ રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતાં વધુમાં રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમને કાયમ રાખેલ છે. તેમ છતાં સામાવાળા સંસ્થાનાઓએ સદર હુકમનું પાલન કરેલ નથી કે રેફરન્સ કેસનાં હુકમ વિરુદ્ધ કોઇપણ કોર્ટમાં અપીલ કે રીવીઝન અરજી કરેલ નથી કે આ બાબતે અરજદારને કોઇ નોટીસ મળેલ નથી કે તે મુજબનો દસ્તાવેજી આધાર સામાવાળા સંસ્થાઓ તર્ફે હાલનાં કામે રજુ રાખેલ નથી. તે સંજોગોમાં રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમ અમલમાં હોવાનો ગણાય. જેથી અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી રેફરન્સ (એલ.સી.કે.) કેસ નં.૨૦૮/૨૦૧૩ નાં કામે થયેલ હુકમ મુજબ પડેલા દિવસોના ૨૦% પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરવા તેમજ સદર રેફરન્સ ખર્ચની રકમ રૂા.૫૦૦/- વસૂલ મેળવવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ અરજદારે જણાવેલ છે તે મુજબ અરજદારને આ સામાવાળાએ નોકરીમાંથી છુટ્ટાં કર્યા તા.૧૦/૧૨/૨૦૧૨ થી સદર એવોર્ડ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાનાં દિન-૩૦ પુરા થયા તા.૨૮/૦૧/૨૦૧૬ સુધીનો અરજદારે છેલ્લો મેળવેલ દૈનિક પગાર રૂા.૧૪૦/- ને ધ્યાનમાં લઈ એવોર્ડ મુજબ ૨૦% પડેલા દિવસોનો પગાર રૂા.૨૭,૪૪૦/- અને હુકમ મુજબ ખર્ચનાં રૂા.૫૦૦/- મળી કુલ રૂા.૨૭,૯૪૦/- તેમજ એનેક્ષર-એ વાળો હુકમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાંની તારીખથી દિન-૩૦

તા.૨૮/૦૧/૨૦૧૬ નાં રોજ પુરા થાય છે જેથી અરજદાર તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર કાયદેસર રીતે મેળવવા હક્કદાર છે જે રકમ રૂા.૩,૭૧,૨૮૦/- થાય છે. જેથી રૂા.૨૭,૯૪૦/- તથા રૂા.૩,૭૧,૨૮૦/- મળીને કુલ રકમ રૂા.૩,૯૯,૨૨૦/- અરજદાર સામાવાળા પાસે લેવા હક્કદાર છે તેમ ઠરાવવામાં આવે છે અને તે મુજબ ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી અને મુદ્દા નં.૨ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**(1)** આથી અરજદારની હાલની રીકવરી અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

**(2)** આથી હાલનાં કામનાં સામાવાળા પાસેથી ૨૦% પડેલા દિવસોનો પગાર રૂા.૨૭,૪૪૦/- અને હુકમ મુજબ ખર્ચનાં રૂા.૫૦૦/- મળી કુલ રૂા.૨૭,૯૪૦/- તેમજ તા.૨૯/૦૧/૨૦૧૬ થી તા.૨૬/૦૭/૨૦૨૪ સુધીનો પુરેપુરો પગાર રૂા.૩,૭૧,૨૮૦/- જે મળીને કુલ રકમ રૂા.૩,૯૯,૨૨૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ નવ્વાણું હજાર બસૌ વીસ પુરા) દિન-૩૦ માં અરજદારને ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે.

**(3)** આથી હાલનાં કામનાં સામાવાળાનાંઓએ અરજદારને હાલની અરજનાં ખર્ચ પેટે રૂા.૧,૦૦૦/- (રૂપીયા એક હજાર પુરા) અલગથી ચૂકવવા હુકમ કરવામાં આવે છે.

**(4)** હાલનાં કામે રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પદ્ધતિ અને કાર્યપદ્ધતિ) નિયમો, ૧૯૪૭ અન્વયેનાં પ્રકરણ-૮ નાં નિયમ-૩૨ ની જોગવાઇ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ ૨૭મી માહે જુલાઇ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :- ૨૭/૦૭/૨૦૨૬
સ્થળ :- કલોલ.

**(મનોજભાઇ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.
***<u>JUDGE CODE : GJ01300</u>***

*<u>સ્ટેનો : વી.વી.ચાવડા.</u>*